# પુરોવચન

પરમ પૂજ્ય શ્રીરમાનાથને શતસહસ્ર પ્રણામ.

તિબેટ એક રહસ્યપૂર્ણ દેશ છે. આ રહસ્યો ધર્મનાં રહસ્યો છે. અધ્યાત્મનાં રહસ્યો છે. તંત્રવિદ્યાનાં રહસ્યો છે અને બોનધર્મનાં રહસ્યો છે. એક વાર તિબેટ જવાનું બન્યું છે. તિબેટનાં રહસ્યો સમજવાનો યથાશક્તિ પ્રયત્ન પણ કર્યો છે. તિબેટમાં ગમે ત્યાં જવાની, વિહરવાની હવે પરવાનગી મળતી નથી. તેથી તિબેટ વિશે સાંગોપાંગ અભ્યાસ કરવાનું શક્ય બન્યું નથી. તિબેટની યાત્રા અને તિબેટ વિશેના ગ્રંથો દ્વારા તિબેટની ભીતર ડોકિયું કરવાનો પ્રયત્ન થયો છે. ભારતમાં પણ તિબેટથી આવેલા અનેક લોકો વસે છે અને ધર્મશાલામાં દલાઈલામા પણ વસે છે અને ત્યાં એક વસાહત પણ છે. પૂછતાં નર પંડતિા - અનુસાર અમે પૂછીપૂછીને અને વાંચી વાંચીને તિબેટના ભીતરમાં પ્રવેશ મેળવ્યો છે.

આમ, તિબેટને સમજવાનો ક્રમ વરસો સુધી ચાલ્યો છે અને સમજાયું તેમાંનું કેટલુંક અહીં અભિવ્યક્ત થયું છે.

દલાઈ લામા તિબેટ છોડીને અહીં આપણા દેશમાં વસે છે અને તિબેટની સ્વતંત્રતા મેળવવા માટે વિશ્વભરમાં ફરીને પ્રયત્નો કરી રહ્યા છે. આ તેમની સ્વાતંત્ર્ય માટેની લડત છે. આ લડત ભારતની સ્વાતંત્ર્ય માટેની લડતની જેમ સર્વથા અહિંસક છે અને તદનુસાર દલાઈ લામાને શાંતિનું નોબેલ પારતોષિક પણ મળ્યું છે. અમે તિબેટ-ભીતરમાં પહોંચ્યા અને પરિણામે આ લખાણ તૈયાર થયું છે 'તિબેટના ભીતરમાં'.

પ્રત્યેક દેશ, પ્રત્યેક પ્રજાને અને પ્રત્યેક સંસ્કૃતિનાં પોતાનાં રહસ્યો હોય જ છે. તિબેટમાં આવાં રહસ્યો વધુ છે. તિબેટ જાણે રહસ્યોનો જ દેશ છે, તેમ જણાય છે. અમે તિબેટનાં બધાં

રહસ્યોને જાણી શક્યા છીએ, તેવો અમારો દાવો નથી. અમે તો ઘણાંમાંથી થોડું જાણી શક્યા છીએ અને તેમાંથી પણ થોડું અહીં અભિવ્યક્ત થયેલું છે.

તિબેટ પર ચીનનું શાસન આવ્યું ત્યાર પહેલાં સદીઓ સુધી ભારતીય યાત્રીઓ વિઝા કે અન્ય કોઈ પણ પ્રકારની અનુમતિ વિના તિબેટસ્થ કૈલાશ માનસરોવરની યાત્રા કરતા હતા. કમભાગ્યે આ પરંપરા હવે બંધ થઈ છે.

આમ છતાં શિવજીની કૃપાથી અમને કૈલાશ માનસરોવરની યાત્રા કરવાની તક મળી છે. અમે કૈલાશની પરિક્રમા કરી છે. માનસરોવરની પરિક્રમા કરી છે. માનસરોવરમાં અનેક વાર સ્નાન પણ કર્યું છે અને માનસરોવરને કિનારે યજ્ઞો પણ કર્યા છે. માનસરોવરની રેતી અને માનસરોવરનું જળ અમે લાવ્યા છીએ અને હજુ સાચવીને રાખી મૂક્યું છે.

અમે 'કૈલાશ માનસરોવરની યાત્રા' આ પુસ્તક લખ્યું અને પ્રકાશતિ પણ કર્યું છે. અમે તિબેટના ધર્મ વજ્રયાન વિશે પણ પુસ્તક લખ્યું છે અને પ્રકાશતિ કર્યું છે - 'વજ્રયાન'.

હવે અહીં તિબેટના ભીતરમાં રહેલાં થોડાં રહસ્યો જાણવા માટે આતુર જિજ્ઞાસુઓને આ પુસ્તક દ્વારા કાંઈક સહાય મળશે, તેવી આશા છે. રહસ્યો જેમ જાણવાં મુશ્કેલ હોય છે, તેમ સમજવાં પણ મુશ્કેલ હોય છે અને સમજ્યા પછી પણ સ્વીકારવાં તો વધુ મુશ્કેલ હોય છે.

અહીં 'તિબેટના ભીતરમાં'ની અભિવ્યક્તિની પદ્ધતિ પ્રવાસ-કથન જેવી નથી. આ અભિવ્યક્તિનું તદ્દન વિશિષ્ટ સ્વરૂપ છે. અમારી દૃષ્ટિએ તેમ કરવાથી અભિવ્યક્તિ જીવંત બને છે અને તેથી સમજવી સરળ બને છે. આમ છતાં ખરેખર તેમ બન્યું કે નહીં તે તો વાચકમત્રિો જ નિર્ધારતિ કરી શકે.

કૈલાશ માનસરોવરની યાત્રા હમણાં બંધ થઈ છે. આ યાત્રા ફરીથી ચાલુ થાય, તેવા પ્રયત્નો ચાલુ છે. તેમ બનશે તો જિજ્ઞાસુજનો ફરીથી તિબેટના ભીતરમાં પ્રવેશ પામી શકશે.

આ ગ્રંથની રચના કરવામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

સૌને વંદન! સૌનો આભાર!

– **ભાણદેવજી**

૭

# તિબેટનો પ્રાચીન ધર્મ - બોન

એક અંધારી રાત્રે હું યથેચ્છ વિહરણ કરવા માટે નીકળી પડ્યો છું. ઉત્તર દિશા તરફ ચાલતો રહ્યો છું.

પ્રારંભમાં મને આ પ્રદેશમાં એકલા યથેચ્છ વિહરણની છૂટ ન હતી, પરંતુ માનવી બંધન ક્યાં સુધી સ્વીકારે? બંધન કોઈને ગમતું નથી. કેદીને તો ન જ ગમે, પરંતુ ઘરનાં આંગણામાં રમતાં બાળકને પણ નહીં. સ્વાતંત્ર્ય, મુક્તિ - આ તો જાણે માનવીની એક મૂળભૂત અને મૂલ્યવાન શોધ છે. મેં પણ યથેચ્છ વિહરણની મારી સ્વતંત્રતા હવે અંકે કરી લીધી છે. તદ્નુસાર હું તો બસ નીકળી પડ્યો છું - ઘોર અંધારી રાત્રે!

ચારેય બાજુની પહાડી હિમાચ્છાદતિ છે, પરંતુ પગદંડી હિમમુક્ત છે. વચ્ચે વચ્ચે બરફીલો રસ્તો આવી જાય છે. તે ભલેને આવે! બરફીલા રસ્તામાં વાંધો શું છે? કશાયમાં વાંધો જ શા માટે? કષ્ટ કષ્ટદાયક નથી, કષ્ટની બીક કષ્ટદાયક છે. માંદગી માંદગી નથી; માંદગીનો ભય માંદગી છે.

હું તો બસ ચાલતો જ રહ્યો. ક્યાં જવું છે? ક્યાંય જવાનું નથી. જ્યાં છો ત્યાં જ બેસી જા ને! પહોંચી જઈશ. પણ મારે ક્યાંય પહોંચવું નથી અને તોયે બસ ચાલતો જ રહ્યો. પહાડી પગદંડી પર અંધારી રાત્રે આટલી ઝડપથી ચાલી શકાય હા, ચાલી શકાય અને હું ચાલતો જ રહ્યો.

કેટલું ચાલ્યો, કેટલા કલાક ચાલ્યો - કાંઈ જ ગણતરી રાખી નથી! ક્યાં પહોંચવું છે, તેની કોઈ ગણતરી પણ રાખી નથી.

બસ ચાલવું છે, પહાડોમાં વિહરવું છે. અંધારી રાતને ફંફોડીને તેનાં સંતાનો જેવા આ તારાઓ સાથે ગોઠડી કરવી છે. ને એમ ને એમ હું ચાલતો જ રહ્યો. તને આજે આટલું ચાલ્યા પછી પણ ચાલવાનો થાક કેમ લાગતો નથી? આજે થાક નહીં લાગે, કારણ કે આજે મારે ક્યાંય પહોંચવાનું નથી. થાક ચાલવાનો નથી લાગતો થાક તો લાગે છે ક્યાંક પહોંચવાની ઉતાવળનો!

આજે મારે ક્યાંય પહોંચવું નથી, તોયે બસ ચાલતો જ રહ્યો! પણ તોય ક્યાંક તો પહોંચ્યા જ! ક્યાંક તો પહોંચાય જ ને! ક્યાં પહોંચ્યા?

બે પહાડ વચ્ચેની એક ગાળીમાંથી ભગવાન નિશાનાથ પ્રગટ થયા. ક્ષતિજિમાંથી તો ક્યારનાયે બહાર આવી ગયા હશે, પરંતુ પહાડમાં ચંદ્રોદય કે સૂર્યોદય ચંદ્ર કે સૂર્ય ક્ષતિજિમાંથી બહાર આવે ત્યારે ન થાય, પહાડમાંથી બહાર આવે ત્યારે થાય.

ભગવાન નિશાનાથ ચંદ્રદેવ પ્રગટ થયા અને જાણે સઘળું બદલાઈ ગયું. સઘળું તો જેમ છે તેમ જ છે અને તોયે બધું જ જાણે બદલાઈ ગયું.

અંધારિયા દેખાતાં આ હિમશિખરો ચાંદીની જેમ ચમકવા માંડ્યાં. અદશ્ય ઝરણાંઓ દશ્ય બની ગયાં. ધરતી પુલકતિ થઈ ગઈ.

સામે નજર પડી. અરે! અહીં આ શું છે? સામેના બરફીલા પહાડની ગોદમાં એક નાનું મકાન છે. અહીં મકાન! અહીં માનવીની વસાહત! હે મનુના પુત્રો! તમે ક્યાં નથી પહોંચ્યા?

ત્યાં કોણ વસે છે? મારે તેમની પાસે શા માટે જવું છે? કંઈ જ વિચાર્યું નથી, તો પણ મારા પગ અવશ્યપણે તે માનવનિવાસ પ્રત્યે આગળ વધ્યા!

આટલી મોડી રાત્રે, આવી કડકડતી ઠંડીમાં, આવાં એકાંત

સ્થાને કોઈના નિવાસસ્થાને જવાય? શહેરીજનોનો વિવેક તો ના જ કહે છે, પરંતુ અમે ક્યાં શહેરીજન છીએ અને અહીં ક્યાં શહેર છે?

મકાનને પ્રાંગણ તો હશે જ, પરંતુ પ્રાંગણને દીવાલ નથી. હું પ્રાંગણમાં પહોંચું તે પહેલાં તો એક શ્યામરંગી કદાવર શ્વાન ઊભો થયો અને પોતાની શ્વાનભાષામાં તેણે મારું ખતરનાક સ્વાગત કરવાનો પ્રારંભ કર્યો. બાજુમાં બેઠેલું યાક પણ ઊભું થઈ ગયું અને ઘુરકિયાં કરવા લાગ્યું.

હજુ આગળ ચાલવું છે?

હું ઊભો રહી ગયો.

મકાનમાંથી ઝાંખો ઝાંખો પ્રકાશ આવી રહ્યો છે. ધીમા અવાજે ચાલતી વાત પણ સંભળાય છે! કોણ હશે? શું કરતા હશે? ચૂપચાપ ઊભા રહેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ જણાતો નથી.

હું માત્ર ઊભો જ રહ્યો, ચૂપચાપ! કૂતરાનું ભસવાનું અને યાકનું ઘૂરકવાનું ચાલુ જ છે. સારું છે કે તેઓ પોતાનું સ્થાન છોડીને મારી તરફ દોડતાં નથી.

મારી નજર મકાન તરફ અને વિશેષતઃ મકાનના બારણા તરફ છે. મદદ માટે કોઈ આવશે તો ત્યાંથી જ આવશે. મદદ માટે જ આવશે તેમ તો ન કહી શકાય, પરંતુ ખૂલશે તો કોઈક આ બારણેથી બહાર આવશે, તેમ તો કહી શકાય અને તેમ જ થયું. બારણું ધીમેથી ખૂલ્યું. બારણું ખૂલ્યું અને ખૂલતાંની સાથે જ અંદરનો ઝાંખો ઝાંખો પ્રકાશ અને પ્રકાશની સાથે એક માનવ આકૃતિ બહાર આવી. કૂતરાના ભસવાનું અને યાકના ઘૂરકવાનું કારણ તેઓ તુરત સમજી ગયા - મારી હાજરી! એક ક્ષણ માટે તો તેઓ મૌન રહ્યા, પરંતુ બીજી જ ક્ષણે બોલી ઊઠ્યા! તિબેટિયન ભાષામાં બોલ્યા છે, પરંતુ અર્થ મને સમજાઈ ગયો છે. અર્થ છે - "કોણ છે?"

શું ઉત્તર આપવો?

કાંઈ જ ઉત્તર નહીં આપું તો ચોર જ માની લેશે અને આ તિબેટિયનો જરૂર પડ્યે ખતરનાક આક્રમક પણ બની શકે છે, તે હું જાણું છું. આટલા અનુભવે જાણતો થયો છું.

મારે કાંઈક ઉત્તર તો આપવો જોઈએ, પરંતુ શો ઉત્તર આપવો? બધી હકીકત વિગતે સમજાવી શકું તેટલું તિબેટિયન ભાષાનું જ્ઞાન મને નથી. કોઈ ટૂંકા અને ટચ ઉત્તરમાં બધું સમજાવી શકાય? તો જ કામ થાય. હું ટૂંકો અને ટચ ઉત્તર શોધું છું અને ઉત્તર મળ્યો અને હું ત્વરતિ બોલી ઊઠ્યો,

"કાશી લામા!"

તિબેટમાં હિંદુ સાધુને 'કાશી લામા' કહેવામાં આવે છે, તેટલી મને જાણ છે અને જાણકારીનો અણીને વખતે ઉપયોગ થયો.

સામેથી પણ ત્વરતિ ઉત્તર મળ્યો,

"કાશી લામા!"

મેં ફરીથી કહ્યું.

"હા, કાશી લામા!"

તેમણે પુચકારીને પોતાના તિબેટિયન કૂતરાને શાંત કર્યો અને યાકનાં ઘૂરકિયાં પણ બંધ થઈ ગયાં.

ઓરડામાંથી બીજા પણ બે જણ બહાર આવ્યા.

એક સાધુ મારા તરફ આવી રહ્યા છે. હું પણ ધીમી ગતિએ સામે ચાલ્યો. મને થયું મારે કાંઈક તો બોલવું જોઈએ, પરંતુ શું બોલવું? આખરે સૂઝ્યું તે જ બોલ્યો,

"ૐ મણિ પદ્મે હુમ્."

સામેથી ત્વરતિ ઉત્તર મળ્યો,

"ૐ મણિ પદ્મે હુમ્."

જાણે એક ક્ષણમાં મૈત્રી બંધાઈ ગઈ! મને હાથ પકડીને અંદર લઈ ગયા. ઓરડામાં અમે સૌ બેઠા. યાકના ચામડાનાં આસન છે. અમે કુલ ચાર જણ છીએ. ત્રણ યજમાનો અને એક તેમના અજાણ્યા અતિથિ!

આ શું છે? આ કોનું સ્થાન છે? હજુ મને સમજાયું નથી.

આખરે મેં પૂછ્યું,

"ગોમ્પા? લામા?"

તેમણે ઉત્તર આપ્યો,

"બોન પા!"

"ઓહ! બોન પા!"

હા, હવે સમજાયું. એક બોન પરંપરાનો મઠ છે. આટલી અને આવી એકાંત અને ભીષણ જગ્યામાં બોનપા સિવાય કોણ રહી શકે?

ભાષાની મર્યાદા તો છે જ, પરંતુ વિનિમય સર્વથા અસંભવ નથી. ભાષા સર્વથા બંધ થાય તો પણ કોઈ ને કોઈ રીતે કોઈ ને કોઈ સ્વરૂપનો વિનિમય ચાલુ રહી શકે છે. મારા આ ત્રણ યજમાનોમાંથી કોણ પ્રધાન છે તે સમજતાં મને વાર ન લાગી. બધું કહેવાથી જ સમજાય તેવું નથી. વિના કહ્યે પણ ઘણું સમજી શકાય.

પ્રધાન લામાએ પોતાનો જમણો હાથ મુખ પાસે લાવીને મને પૂછ્યું, ભાષાથી નહીં, સંકેત દ્વારા!

શું પૂછ્યું?

"ભોજન કરવું છે?"

મેં પેટ પર હાથ મૂકીને ઉત્તર આપ્યો, "ના, પેટ ભરેલું જ છે!"